# સુર અને સંગીત જેવુ જ શાનદાર વ્યકિતત્વ એટલે શાન

## સંગીતને સિમાડા નડે નહીં ગુલામ અલી જેવા કલાકારોનુ માન સન્માન જળવાવુ જોઈએ



### બોલીવુડની અનેક ફિલ્મોમાં અવાજની જાદુગરીથી ગોલ્ડન વોઇસ ઓફ ઇન્ડીયા તરીકે ઉભરેલા શાન ને ગુજરાતી ગીતો ગાવાની પણ ખેવના : આગામી 'ધી ગ્રેટ ગ્રાન્ડ મસ્તી' અને 'કોફી વિથ-ટી' માં પણ શાનની ગાયકી સાંભળવા મળશે

ગાંધીનગર તા ૧૬

ફિલ્મી દુનિયામાં સુર અને સંગીતનો જાદુ પ્રસરાવી શાન્તુ મખરજી બાલીવુડની શાન બની ગયા છે. એક જાણીતા આલ્બમની રચના સમયે શાન્તુ મુખર્જીના નામને ટુંકાવી તેમની બહેન સારીકાએ તેમને શાન નામ આપ્યુ હતુ. જયારે આ નામ હાલ સંગીત ક્ષેત્રે રોમેન્ટીક અને મેલોડીયસ ગીતોના મહારાજા તરીકે ઓળખાય છે. અભિનેતા ,સંગીતકાર તેમજ સુરિલા ગાયક તરીકે શ્રોતાઓના હ્રદયમાં સ્થાન ધરાવતા શાને આજે કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવની ઉજવણીમાં પરફોર્મ કરીને નગરજનોને સુરિલા સંગીતરસમાં તરબોળ કરી દિધા હતા. ગુલામ અલી તેમજ નુસરત ફતેહ અલીખાન જેવા ગઝલગાયકોને ભારતમાં કાર્યક્રમ માટે પ્રવેશ નહી આપવાના મામલે પણ શાને સંગીતને સરહદ સીમાડા નડવા ન જોઈએ તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો હતો. હિન્દી,બંગાળી ,મરાઠી અને ઉર્દુમાં ગાયકીના સુર રેલાવતા શાને ગુજરાતીમાં ગીત રજુ કરવાની તક મળે તો પરફોર્મ કરવાની ખેવના પણ વ્યકત કરી હતી.

બે દાયકા બાદ કલ્ચરલ ફોરમના માધ્યમથી ગાંધીનગરના મહેમાન બનેલા નિખાલસ વ્યકિતત્વ ધરાવતા શાનની ગાયકી અને સંગીત જ નહી પણ વ્યકિતત્વ પણ શાનદાર હોવાનો એકરાર શ્રોતાઓએ કર્યો હતો. ચાંદ શિફારિશ કરતા જો હમારી...જબ સે તેરા નૈના... સહીતના સંખ્યાબંધ જાણીતી રચનાઓ સાથે અને ફિલ્મી ગીતોમાં પોતાનો અવાજ આપીને સંગીત ક્ષેત્રે નામની જેમ જ શાન બની ગયેલા શાન્તુ મુખર્જીને સંગીત ક્ષેત્રે કારકીર્દી ઘડવામાં કોઇ ખાસ સંઘર્ષ કરવો પડયો નથી. આર્થિક ભીંસના સમયમાં

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગર રાજ્યમાં હોટેસ્ટ સીટી

## મહત્તમ તાપમાન ૪૪.૫ ડિ.સે. પહોંચ્યું : ભારે ગરમીથી વસાહતીઓ ત્રાહિમામ

ગાંધીનગર, તા. ૧૫

સતત ત્રીજી વખત ગાંધીનગર રાજ્યનું હોટેસ્ટ સીટી બન્યું. રવિવારે મોસમની વિક્રમ ગરમી નોંધાઈ હતી. શહેરની તો વિક્રમ હતી જ સાથો સાથે રાજ્યની પણ સૌથી વધુ ગરમી ગાંધીનગર ખાતે નોંધાઈ છે.

આકરી ગરમી સતત ત્રીજા દિવસો અનુભવાઈ રહી છે. વસાહતીઓ છેલ્લા કેટલાય દિવસોથી હીટવેવનો અનુભવ કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૪.૫ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી છે.

આ વર્ષે રેકોર્ડબ્રેક ગરમી પડી રહી છે. આજે મહત્તમ તાપમાન ૪૪.૫ ડિ.સે. જેટલુ નોંધાતા શહેર આકરી ગરમીમાં ત્રસ્ત બન્યું હતું. માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી જોવા મળી હતી. રવિવારની રજાના કારણે અને માથુ ફાડી નાંખે તેવી ગરમી અને લૂ ના કારણે માર્ગો પર અવરજવર એકદમ ઓછી જોવા મળી હતી. વસાહતીઓએ ઘરમાં જ પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યુ હતુ. વહેલી સવારથી પડી રહેલી આકરી ગરમીથી પશુ-પંખીઓ પણ અસર પામ્યા છે.

ભારે ગરમી અને આકરા તડકાએ કાળો કેર વર્તાવ્યો છે. ઘરના બારી-બારણાં બંધ રાખવા છતાં ગરમ લૂ સતત અનુભવાતી હતી. આગામી દિવસોમાં પણ ગરમીથી કોઈ રાહત મળવાના એંધાણ જોવા મળતા નથી. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે આગામી દિવસોમાં હજુ ગરમી વધવાની પુરેપુરી શક્યતાઓ છે.



# મહાત્મા મંદિર ખાતે ૨૫મીએ શિક્ષણ વિભાગની મહાવિચાર ગોષ્ઠી

## શિક્ષણના મોનીટરીંગ સ્ટાફને ૪૦ થી વધુ પ્રશ્નો પુછી સાથે આગામી વર્ષનો રોડમેપ તૈયાર કરવાની કવાયત : ચાર મુદ્દાઓ પર વિશેષ ચર્ચાઓ કરવામાં આવશે તેમજ ચાર મુદ્દાઓને લઈ પ્રેઝન્ટેશન પણ રજુ કરાશે : તંત્ર દ્વારા તડામાર તૈયારી

ગાંધીનગર, તા. ૧૫

આગામી ૨૫મી મે ના રોજ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહા વિચાર ગોષ્ઠીનું આયોજન મહાત્મા મંદિર ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું છે.

મહાત્મા મંદિર ખાતે રાજ્યકક્ષાની મહાવિચાર ગોષ્ઠીમાં શિક્ષણ વિભાગના આગામી કાર્યક્રમો પર વિચારમંથન કરવામાં આવશે અને તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ, શાસનાધિકારીઓ, કેળવણી નિરીક્ષકો, બી.આર.સી., સી.આર.સી. કોર્ડિનેટર્સ આ મહાવિચાર ગોષ્ઠીમાં હાજરી આપનાર છે. આ બેઠકમાં રાજ્યના શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે.

રાજ્યના શિક્ષણ વિભાગના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ આ મહા વિચાર ગોષ્ઠીમાં દરેકને એક ખાસ પ્રશ્નાવલિ તૈયાર કરી આપવામાં આવનાર છે. જેમાં શાળા પ્રવેશોત્સવથી લઈ વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવનાર છે.

આ પ્રશ્નાવલિમાં ૪૦ થી વધુ પ્રશ્નો સમાવવામાં આવનાર છે. જેના ઉત્તરોનું વિશ્લેષણ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરી આગામી વર્ષ માટે શિક્ષણ વિભાગને રોડમેપ તૈયાર કરવામાં આવનાર છે.

શિક્ષણની ગુણવત્તા, ગુણોત્સવના પરિણામોની અસરો, ઉપચારાત્મક વર્ગોના આયોજનની ફલશ્રુતિ સહિતની બાબતો પણ આ પ્રશ્નાવલિમાં આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. ડાર્મેટ, અને પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સંકલનમાં રહી આ પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી રહી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થીત વિગતો પ્રમાણે આ બેઠકમાં મુખ્યત્વે ચાર મુદ્દાઓની ચર્ચા સવિશેષ કરવામાં આવનાર છે. જેમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન શિક્ષણ વિભાગે મેળવેલ સિદ્ધિઓ અને આગામી વર્ષ માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર

# જિલ્લાના એક હજાર બાળકોને આરટીઈ એકટ હેઠળ પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત ૧ હજાર જેટલા બાળકોને તેમની ગમતી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. જિલ્લાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો ગાંધીનગરમાં ૩૬૮, દહેગામમાં ૧૮૪, કલોલમાં ૨૮૯ અને માણસામાં ૧૨૩ બાળકોને રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત પ્રવેશ અપાઈ ચુકયો છે. ૩૬ જેટલા બાળકોને સોમવારે પ્રવેશ આપી દેવામાં આવશે. આમ જિલ્લામાં આ વર્ષે ૧૦૦૦ બાળકોને આર.ટી.ઈ. એકટ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયામાં આવરી લેવાયા છે.

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188

**VEHICLES FOR SALE**

Following Gujarat State Petronet Limited Vehicles are for Sale on as and where basis

| Sr. No. | Details of Vehicle | Type of Vehicle | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1 | GJ-18U-9853 | Swaraj Mazda CNG, 2X1, 25 Seater AC Mini Bus | 2006 | 2,25,000 |
| 2 | GJ-18X-2192 | TATA 1510 LPO CNG, 2X2, 41 Seater AC Bus | 2008 | 4,00,000 |
| 3 | GJ-18D-2426 | LML Star Scooter | 1999 | 1,500 |

Interested parties may inspect the vehicles at the parking space of GSPL Bhavan at given below address during 11.00 am to 5.00 pm on any working day. The offers for purchase of vehicle/vehicles may be submitted in a sealed cover with (EMD) Earnest Money Deposit of Rs.5000/- (Five Thousand Only) for HMVs and Rs.1000/- (One Thousand Only) for Scooter by Demand Draft for each vehicle in favour of Gujarat State Petronet Limited payable at Gandhinagar to be submitted at following address latest by 5:00 pm on or before 23/05/2016. Bidders should quote value which is higher than the Minimum Base Value mentioned in the table. The bidders are requested to mention **"Offer for Purchase of Vehicle"** on top of the sealed cover for identification. The company reserves its right to reject any or all the offers without assigning any reason.

**The Group Executive Director** (HR, Admin., Legal & Ops.) **Gujarat State Petronet Limited,** E-18, Electronic Estate, Nr. K-7 Circle, GIDC, Sector-26, Gandhinagar-382028

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

**કાર ભાડે મળશે**

ઈન્ડીકા, ઈન્ડીગો, ટવેરા, ઈનોવા, ૧૨-સીટ વિંગર, ૧૪-સીટ ટેમ્પો, ૧૯/૨૯ -સીટ મિની બસ, ૪૫-સીટ બસ, એ.સી. કોચ વોલવો ભાડે મળશે.

મેરેજ કાર : ● હોન્ડા સીટી ● ક્રેમરી ● ક્રુઝ ● મરસીડીઝ ● બીએમડબલ્યુ ● સેઝ લીમો

ટુર પેકેજ : કેરલ, ગોવા, રાજસ્થાન, એમ.પી., કાશ્મીર, મહારાષ્ટ્રા, વૈષ્ણોદેવી

પાસપોર્ટ :- વિઝા કન્સલ્ટન્ટ ● એર ટીકીટ ● બસ ટીકીટ

**હેતશ્રી ટ્રાવેલ્સ**

૧૨૧, સુપર મોલ-૧, ઈન્ફોસીટી. મો. ૯૯૭૮૯ ૫૯૦૯૯, ૦૭૯૨૩૨૧૩૨૦૯

**મંડપ** કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ

89 80 10 1515 93 761 8000 3 93 28 89 3535

અક્ષી **રંગવાલા** ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




- ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે ગ્રીષ્મોત્સવ દરમિયાન ગ્રાન્ડ હાઉસી ના એન્ટ્રી પાસ ખરીદવાની વ્યવસ્થા રાખેલ છે.
- એન્ટ્રીપાસ - ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, સામ પીઝા, ડો.ફુડ પર ઉપલબ્ધ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com